**પેજ નં.૧૧**

**સોગંદ આપ્યા.....**

**સામા.નં.૨ ઈબ્રાહીમભાઈ પઠાણની આંક–૧૯ની સરતપાસ લગત અરજદાર તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી એલ.જી. સોનગ્રા**

(૧) મારે કરીયાણાની દુકાન છે. આ દુકાન પર હું તથા મારા મોટા પુત્રના બાબલા બંન્ને બેસીએ છીએ. મારા પત્નિ કંઈ કામકાજ કરતા નથી.

સવાલ :– અરજદારના બીજા લગ્ન સામાવાળા નં. ૧ સાથે અમારા સમાજના રીતરીવાજ મુજબ થયેલા?

જવાબ :– હું તે સમયે હાજર ન હતો, ઉમરા કરવા ગયેલ હતો.

એ વાત ખરી છે કે અરજદાર તથા સામાવાળા નં. ૧ ના બીજા લગ્ન અમારા બંન્નેના કુટુંબી તથા સગા સંબંધીઓની હાજરીમાં ભાવનગરના વાળુકડ મુકામે થયેલા. એ વાત ખરી છે કે અરજદારને પ્રથમ લગ્નથી પુત્ર થયેલ હતો. એ વાત ખરી નથી કે સામાવાળા નં. ૧ ના નામે મકાન આવેલ છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મે બનાવેલ છે. એ વાત ખરી નથી કે અમારા ઘરે મારી દીકરી અવારનવાર આંટો ખાવા આવતી હતી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે વર્ષે એકવાર આવતી હતી. એ વાત ખરી નથી કે અરજદારને તે સમયે મારી દીકરી મેણાટોણા મારતા હતા. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે એક બે દિવસ રહે તેમાં મેણા ટોણા કયા મારે.

સવાલ :– તમારું તેમજ ઈકબાલભાઈનું ઘર બાજુ બાજુમાં આવેલ છે?

જવાબ :– ના, અલગ અલગ છે.

એ વાત ખરી છે કે મારા નામે બે મકાન આવેલા છે. એ વાત ખરી છે કે અરજદાર તથા અમો તમામ સામાવાળા સંયુકત કુટુંબમાં રહેતા હતા. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે ૨–૩ મહીના સંયુકત કુટુંબમાં રહેલા. એ વાત ખરી નથી કે સામાવાળાઓએ અરજદારને તથા તેમના પુત્રને શારીરીક માનસિક ત્રાસ આપેલ છે. એ વાત ખરી નથી કે સામાવાળા નં. ૨ થી ૬ના એ સામાવાળા નં. ૧ ને ચડામણી કરી અરજદાર સાથે ઝઘડો કરી અવારનવાર મારઝુડ કરેલ છે. એ વાત ખરી નથી કે સામાવાળા નં. ૨ થી ૬ નાએ અરજદારને હેરાન પરેશાન કરેલ છે. એ વાત ખરી છે કે રુબીનાબેન બંન્ને હાથે અપંગ છે. એ વાત ખરી છે કે રુબીનાબેન બે હાથે અપંગ છે તેની અમારા બંન્ને કુટુંબને લગ્ન સમયે જાણ હતી. એ વાત ખરી છે કે રુબીનાબેન કાંઈ કામકાજ કરી શકતા નથી. એ વાત ખરી છે કે રુબીનાબેન કંઈ કમાતા નથી. એ વાત ખરી છે કે રુબીનાબેનને કાઢી મુકયા બાદ તેડવા માટેના કોઈ પ્રયત્ન કરેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે કાઢી મુકયા છે કે નહીં તેની જ ખબર નથી તો તેડવા કેવી રીતે જઈએ. ઈકબાલભાઈ તેનું જે મકાન છે ત્યાં રહે છે. એ વાત ખરી નથી કે હું ઈકબાલભાઈના ઘરે આવ જા કરું છું. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે હું મારા ઘરે અને તે તેના ઘરે.

સવાલ :– તમો સામાવાળાઓએ અરજદાર બંન્ને હાથે અપંગ હોવાથી કામકાજ કરતા ન હોય તેથી અરજદાર રસોઈ સારી બનાવતા નથી અને કામકાજ કરતા નથી તેવું નાની નાની બાબતોમાં મેણાટોણા મારી શારીરીક માનસિક ત્રાસ આપતા હતા?

જવાબ :– ખોટી વાત છે.

એ વાતની મને જાણ નથી કે અરજદારની તથા તેના પુત્રની ખાધાખોરાકીની કોઈ વ્યવસ્થા અમો સામાવાળાઓએ કરેલ નથી. એ વાત ખરી નથી કે અમે સામાવાળાઓ આખા કુટુંબે ભેગા મળીને અરજદારને મારઝુડ કરીને કાઢી મુકેલા.

સવાલ :– તે સમયે રુબીનાબેને ૧૮૧ પર ફોન કરીને તમારા ઘરે પોલીસની ગાડી પણ બોલાવેલી?

જવાબ :- ઈકબાલભાઈના ઘરે આવી હોય તો તેની મને ખબર નથી અને અમારા ઘરે આવી નથી.
એ વાત ખરી નથી કે ૧૮૧ની પોલીસની ગાડી આવતા અમો સામાવાળાઓએ અને અરજદારે સમાધાન કરતા અરજદાર સાસરીમાં રોકાયેલા. એ વાત ખરી છે કે મને એ વાતની ખબર નથી કે બીજા દિવસે ઈકબાલભાઈએ અરજદાર તથા તેના પુત્રને પહેરેલ કપડે મારઝુડ કરી કાઢી મુકેલા.
સવાલ :- અરજદાર અને તેના પુત્રને સામાવાળા નં. ૨ થી ૬ તેડી જવા તૈયાર છે?
જવાબ :- અલગ રહે છે તો તેના પતિને તેડવી હોય તો અમારી હા પણ નથી અને ના પણ નથી.
સવાલ :- અરજદારને રહેઠાણની કોઈ વ્યવસ્થા તમોએ કરેલ નથી?
જવાબ :- અરજદારની અલગ રહેઠાણની વ્યવસ્થા સામાવાળા નં. ૧ ની સાથે કરેલ જ છે અને અરજદાર કયારે પાછા આવતા રહયા તેની ખબર નથી અને અરજદારની પાછા આવ્યા પછી વ્યવસ્થા તેના પતિ કરે.
એ વાત ખરી છે કે અમે હળવદ મુકામે અરજદારની રહેઠાણની વ્યવસ્થા કરી આપેલ નથી. એ વાત ખરી છે કે અત્યારે રુબીનાબેન તથા તેમના પુત્ર હળવદ મુકામે રહે છે તેની જાણ છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે કેસ થયા પછી અમને જાણ થયેલ છે. એ વાત ખરી નથી કે સોગંદ ઉપર ખોટી જુબાની આપું છું. એ વાત ખરી નથી કે અમો સ્થાવર જંગમ મીલ્કત ધરાવતા હોવા છતાં સોગંદ ઉપર ખોટી જુબાની આપીએ છીએ. એ વાત ખરી નથી કે હું તથા મારો પુત્ર અનાજ કરીયાણાની દુકાન ચલાવી માસીક રુપીયા પચાસ હજાર કે તેથી વધુ રકમ મેળવીએ છીએ. એ વાત ખરી નથી કે હું તથા મારો પુત્ર દુકાન ધરાવીએ છીએ અને તે ભાડે પણ આપેલી છે અને માસીક રુપીયા ચાલીસ હજાર ભાડુ આવે છે. એ વાત ખરી નથી કે મારા નામે ખેતીની જમીન આવેલ છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તે તો ઘણા સમય પહેલા વેચી નાખેલ છે. એ વાત ખરી છે કે મારી અને મારા પુત્રની મોટર સાઈકલ અલગ અલગ ધરાવીએ છીએ. એ વાત ખરી નથી કે અમારે સંયુકત માલીકીની કાર છે. એ વાત ખરી નથી કે સામાવાળાઓએ અરજદાર અને તેના પુત્રએ માંગ્યા મુજબનું ભરણોપોષણ ચુકવવા માટે સક્ષમ છીએ. મારા પુત્ર ઈકબાલના લગ્ન નાચીભાઈ નુરભાઈની દીકરી સાથે થયેલા. તેમની દીકરીનું નામ મને અત્યારે યાદ નથી. એ વાત ખરી છે કે ઈકબાલભાઈ તેના પ્રથમ લગ્નની પત્નિનું કોઈ ભરણપોષણ અત્યારે કરતા નથી. એ વાત ખરી છે કે સામાવાળા નં. ૧ના નાચીભાઈ નુરભાઈની દીકરી સાથે છુટાછેડા થઈ ગયેલ છે. એ વાત ખરી નથી કે હું સોગંદ ઉપર ખોટી જુબાની આપું છું.
ફેરતપાસ નથી.
સ્થળ:- હળવદ.
તારીખ:- ૦૩/૦૭/૨૦૨૬
સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે.

મારી રૂબરૂ,

( નિમિષા ગંગારામભાઈ સુરતી )

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ